અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરિષદ (AICTE) ની સાતમાં પગારપંચની ભલામણોના આધારે રાજ્યની સરકારી અને અનુદાનિત ડિપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓના કર્મચારીઓના પગાર સુધારણા કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૯-૩૦૨-ધ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૨૦-૦૩-૨૦૨૦

<u>વંચાણે લીધા</u> :

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૦૨-૦૮-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ એસસીટી-૧૦૨૦૧૦-૧૯૨૮-૩૭૬૭૬૨-ધ

(૨) નાણાં વિભાગનો તારીખ ૧૬-૦૮-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ

(૩) અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરિષદ(AICTE)ના તારીખ ૦૧-૦૩-૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ61-1/RIFD/ 7th CPC/2016-17

(૪) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીનો તારીખ ૦૭-૦૩-૨૦૧૯નો પત્ર ક્રમાંકઃસીટીઇ/૭-મું પગારપંચ/ ડિપ્લોમાં/છ(આ)/૩૩૩૪

<u>આમુખ</u> :

અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરીષદ(AICTE)ના તારીખ ૦૧-૦૩-૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના જાહેરનામાને ધ્યાને લઇ રાજ્યની સરકારી અને અનુદાનિત ડિપ્લોમાં ઇજનેરી અને ફાર્મસી કોલેજોના કર્મચારીઓને પગાર સુધારણાના લાભો આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની સરકારી અને અનુદાનિત ડિપ્લોમાં ઇજનેરી અને ફાર્મસી કોલેજોના કર્મચારીઓને અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરીષદ(AICTE)ની સાતમાં પગારપંચની ભલામણો પ્રમાણે નીચે જણાવેલ શરતોને આધિન છઠ્ઠા પગારપંચ મુજબના "સ્કેલ ટુ સ્કેલ" ધોરણે સુધારેલ પગાર ધોરણ(પગાર+મોંઘવારી ભથ્થુ) તારીખ ૦૧-૦૧-૨૦૧૬ થી આપવા માટે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**(૧)** ભારત સરકારના અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરિષદ(AICTE)ના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૦૧-૦૩-૨૦૧૯ના જાહેરનામામાં જણાવેલ શરતો, શૈક્ષણિક લાયકાતો વગેરેને આધિન તારીખ ૦૧-૦૧-૨૦૧૬ થી "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તેમજ આ સાથેની અનુસુચિ-૧માં દર્શાવેલ કેડર સિવાય કોઇપણ કેડરને પગાર સુધારણાનો લાભ આપી શકાશે નહી.

(૩) સાતમાં પગારપંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનો સરકારી અને અનુદાનિત ડીપ્લોમાં ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. રાજ્ય સરકારની મંજુરી વિના પોતાની સત્તાની રૂએ કોઇ છુટછાટ આપી શકશે નહી.

(૪) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ રાજ્ય સરકારની મંજુરી વિના હવે પછી કોઇ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકશે નહીં. અને કોઇપણ કર્મચારીની ભરતી કરી શકશે નહીં. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે નિયમો મુજબ મંજુરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવામાં આવે તો કોલેજોના આચાર્ય/ રાજ્યના ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રી/ નિયામકશ્રીની જવાબદારી રહેશે.

(૫) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ દ્વારા જેટલી જગ્યાઓ માટે સાતમાં પગારપંચનો લાભ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે, તેમાંથી હાલમાં ભરાયેલ જગ્યાઓને આ પગાર સુધારણાનો લાભ મંજુર કરવામાં આવે છે. ભવિષ્યમાં નિયમ મુજબ ભરવામાં આવતી જગ્યાઓ માટે તે મુજબ સાતમું પગારપંચ મંજુર કરવાનું રહેશે.

(૬) તારીખ ૦૧-૦૧-૨૦૧૬ પછી વય નિવૃત્તિના કેસમાં જે તે સંવર્ગ/ જગ્યાના પગાર સુધારણા જે તે તારીખે કર્મચારી નિવૃત્ત થાય ત્યાં સુધી જ ગણવાના રહેશે. તથા નિવૃત્તિના લાભો મળવાપાત્ર થતાં હશે તો તે મુજબ ચુકવવાના રહેશે.

(૭) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબના સુધારણાનો લાભ તા. ૦૧-૦૧-૨૦૧૬થી મળવાપાત્ર થશે. તારીખ ૦૧-૦૩-૨૦૨૦ થી ચાલુ પગાર સાથે રોકડમાં આ પ્રમાણે સાતમાં પગારપંચનો લાભ આપવાનો રહેશે.

(૮) તારીખ ૦૧-૦૧-૨૦૧૬ થી તારીખ ૨૯-૦૨-૨૦૨૦ સુધીનું એરીયર્સ માહે મે-૨૦૨૦, ઓગસ્ટ-૨૦૨૦ અને નવેમ્બર-૨૦૨૦ એમ કુલ ત્રણ હપ્તામાં ચુકવવાનું રહેશે.

(૯) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર મળવાપાત્ર(મોંઘવારી ભથ્થા સિવાય) ભથ્થા વિદ્યમાન છઠ્ઠા પગારપંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.

(૧૦) સાતમાં પગારપંચને સંબંધિત પગાર બાંધણી અંગે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થાઓ પોતાની સત્તાની રૂએ કોઇ છુટછાટ આપી શકાશે નહીં.

(૧૧) રાજ્ય સરકારની મંજુરી વિના કોઇ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકશે નહીં અને તેને સાતમાં પગારપંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકશે નહીં. રાજ્ય સરકારની મંજુરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઇઓ અને નિયત ભરતી પ્રકીયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુત્તમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/ બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણ નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુત્તમ અનુભવના માપદંડને અનુસરવાનું રહેશે.

(૧૩) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) છઠ્ઠા પગારપંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાઓનાં દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન(incentives)/ લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી શકશે નહીં. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતાં ભથ્થાઓ/લાભ અંગેના હુકમો સીધે સીધા અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પડશે નહીં સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૬) સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓએ તમામ કર્મચારીઓનું આઇ.એફ.એમ.એસ.(IFMS) સીસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓન-લાઇન પે ફિક્સેશન તથા ઓન-લાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફિકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફિક્સેશન કરનાર અધિકારી/ ડીડીઓની રહેશે. છઠ્ઠા પગારપંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો(events) અદ્યતન કરી, ત્યારબાદ જ સાતમા પગારપંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે. ઉપરાંત સંસ્થા દ્વારા કર્મચારીઓના પે વેરીફીકેશન નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરીમાં કરાવવાના રહેશે તથા વખતો વખતના પ્રસંગો (ઇજાફા/ બઢતી / CAS વગેરે) કેસ IFMS હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં અપડેટ કરવાના રહેશે.

(૧૭) આ સાથેની અનુસુચિ-૧માં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પાગર ધોરણો પણ સંસ્થા દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે સરકારશ્રીને પુનઃ દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૮) છઠ્ઠા પગારપંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી પગાર ચકસણી એકમ દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગારપંચ પ્રમાણે ઓનલાઇન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીઓની સાતમાં પગારપંચ મુજબ પગાર બાંધણી થઇ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમાં પગારપંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવબાદારી નક્કી કરવાની રહેશે.

(૧૯) તારીખ ૦૧-૦૧-૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલ અધિકારીઓ / કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગારપંચ મુજબના પગાર ધોરણ (ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રિક્સના લેવલમાં મળવાપાત્ર પગાર તથા તે મુજબના નિવૃત્તિ લાભો જો મળવાપાત્ર થતા હશે તો તે પગાર બાંધણીની ચકાસણી થયા બાદ સરકારશ્રીના નિર્ણય અનુસાર ચુકવવાના રહેશે.

(૨૦) ઉપર મુજબની શરતોને આધિન આ સાથેની અનુસુચિ-૨માં દર્શાવવામાં આવેલ સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓની કુલ-૩ સંવર્ગની મંજુર થયેલ મહેકમની કુલ-૩૨૨૨ જગ્યાઓમાંથી નિયમિત પગારની ભરેલી અનુદાનિત ૧૯૬ જગ્યાઓ અને સરકારી ૧૭૬૦ જગ્યાઓ એમ કુલ ૧૯૫૬ જગ્યાઓને હાલમાં પગાર સુધારણા મંજુર કરવાના રહેશે. ભવિષ્યમાં ભરવાની થતી જગ્યાઓ

**(૨૨)** સરકારી અને અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ દ્વારા કર્મચારી સાતમાં પગારપંચ મુજબ પગાર સુધારણા/પગાર બાંધણી અંગે નિયત નમુનામાં વિકલ્પ આપી શકશે અને સંબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવાનો રહેશે. સંસ્થાના કર્મચારી પાસેથી નિયત નમુના મુજબના બાંહેધરી પત્રમાં બાંહેધરી મેળવવાની રહેશે.

**(૨૩)** આ મંજુરી નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા રજુ કરવામાં આવેલ વિદ્યમાન પગાર ધોરણની વિગતોને ધ્યાને લઇ આપવામાં આવેલ હોઇ, નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી અને સંસ્થા દ્વારા પુન: ચકાસણીને આધીન "સ્કેલ ટુ સ્કેલ"ને ધોરણે પગાર બાંધણી કરવાની રહેશે. તેમા વિસંગતતા જણાયે જરૂરી સ્પષ્ટતાં માટે શિક્ષણ વિભાગ મારફત નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

**(૨૪)** આ પગાર સુધારણાની મંજુરી ઉપર જણાવેલ શરતો અને સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઇ, આ શરતો/સુચનાઓનું સંપુર્ણ પાલન થાય તે નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. અને આ અંગે સ્પષ્ટતાની જરૂર જણાયે શિક્ષણ વિભાગ મારફત નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૧૬-૦૩-૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી. મેતપરા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ.

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, છઠ્ઠો માળ, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

- પગાર ચકાસણી એકમ ((નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફતે)
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.

શેરા ક્રમાંકઃડીટીઇ-સાતમું પગારપંચ ધ.૩,૪,૧૬/૩૨૨૯
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
કર્મયોગી ભવન બ્લોક નંબર-૨ છઠ્ઠો માળ
ગાંધીનગર તા.૨૦/03/૨૦૨૦

નકલ રવાનાઃ-

(૧) આ કચેરીના તાબા હેઠળની તમામ સરકારી/અનુદાનિત ડીપ્લોમા ઇજનેરી/ફાર્મસી કોલેજો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ'

(૨) હિસાબી અધિકારીશ્રી વડી કચેરી ગાંધીનગર તરફ

(3) કચેરી આદેશ ફાઇલ સારૂ

(signature) ૨૦/૩/૨૦

સંયુકત ટેકનીકલ શિક્ષણ નિયામક

ાગના તારીખ ૨૦-૦૩-૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૯-૩૦૨-ઘ સાથેનું બિડાણ **અનુસુચિ-૧**

| અનુદાનિત ડિપ્લોમાં ઇજનેરી / ફાર્મસી કોલેજ | | | સરકારી ડિપ્લોમાં ઇજનેરી / ફાર્મસી કોલેજ | | | પગારધોરણ | એજીપી | પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | | | | |
| ૦૭ | ૦૩ | ૦૪ | ૩૦ | ૦૮ | ૨૨ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧૪૪૨૦૦ |
| ૧૭ | ૦૯ | ૦૮ | ૧૫૮ | ૪૨ | ૧૧૬ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧૪૪૨૦૦ |
| | | | | | | | ૯૦૦૦ | ૧૩A૧ | ૧૩૧૪૦૦ |
| ૨૯૭ | ૧૮૪ | ૧૧૩ | ૨૭૧૩ | ૧૭૧૦ | ૧૦૦૩ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | ૧૪ | ૧૪૪૨૦૦ |
| | | | | | | | ૯૦૦૦ | ૧૩A૧ | ૧૩૧૪૦૦ |
| | | | | | | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | ૧૨ | ૭૯૮૦૦ |
| | | | | | | | ૭૦૦૦ | ૧૧ | ૬૮૯૦૦ |
| | | | | | | | ૬૦૦૦ | ૧૦ | ૫૭૭૦૦ |
| | | | | | | | ૫૪૦૦ | ૯A | ૫૬૧૦૦ |
| ૩૨૧ | ૧૯૬ | ૧૨૫ | ૨૯૦૧ | ૧૭૬૦ | ૧૧૪૧ | ---- | ---- | ---- | ---- |

શિક્ષણ વિભાગના તારીખ ૨૦-૦૩-૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : એસસીટી-૧૦-૨૦૧૯-૩૦૨-ઘ સાથેનું બિડાણ

## અનુસુચિ-૨

સરકારી અને અનુદાનિત ડિપ્લોમા કોલેજો (ઈજનેરી અને ફાર્મસી)

સરકારી સંસ્થા

| | | |
|---|---|---|
| ૧ | એ. વી. પારેખ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, રાજકોટ | ડીપ્લોમા ઈજનેરી |
| ૨ | સી.યુ. શાહ સરકારી પોલીટેકનીક, સુરેન્દ્રનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૩ | ડો. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી | ડીપ્લોમા ઈજનેરી |
| ૪ | ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત | ડીપ્લોમા ઈજનેરી |
| ૫ | સરકારી ગર્લ્સ પોલિટેકનિક, અમદાવાદ | ડીપ્લોમા ઈજનેરી |
| ૬ | સરકારી ગર્લ્સ પોલિટેકનિક, સુરત | ડીપ્લોમા ઈજનેરી |
| ૭ | સરકારી પોલિટેકનિક, ખેડા | ડીપ્લોમા ઈજનેરી |
| ૮ | સરકારી પોલિટેકનિક, અમદાવાદ | ડીપ્લોમા ઈજનેરી |
| ૯ | સરકારી પોલિટેકનિક, ભુજ | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૦ | સરકારી પોલીટેકનીક, છોટા ઉદેપુર | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૧ | સરકારી પોલિટેકનિક, દાહોદ | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૨ | સરકારી પોલિટેકનિક, ગાંધીનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૩ | સરકારી પોલિટેકનિક, ગોધરા | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૪ | સરકારી પોલિટેકનિક, હિંમતનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૫ | સરકારી પોલિટેકનિક, જામનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૬ | સરકારી પોલિટેકનિક, જુનાગઢ | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૭ | સરકારી પોલિટેકનિક, નવસારી | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૮ | સરકારી પોલિટેકનિક, પાલનપુર | ડીપ્લોમા ઈજનેરી |
| ૧૯ | સરકારી પોલિટેકનિક, પોરબંદર | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૦ | સરકારી પોલિટેકનિક, રાજકોટ | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૧ | સરકારી પોલિટેકનિક, રાજપીપળા | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૨ | સરકારી પોલિટેકનિક, વડનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૩ | સરકારી પોલિટેકનિક, વલસાડ | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૪ | સરકારી પોલિટેકનિક, વ્યારા | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૫ | સરકારી પોલિટેકનિક, વઘઈ | ડીપ્લોમા ઈજનેરી |
| ૨૬ | કે. ડી. પોલીટેકનીક, પાટણ | ડીપ્લોમા ઈજનેરી |

| અનુદાનિત સંસ્થા | | |
|---|---|---|
| ૧ | બી એન્ડ બી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, વલ્લભ વિદ્યાનગર | ડીપ્લોમા ઈજનેરી |
| ૨ | પોલીટેકનીક મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી, વડોદરા | ડીપ્લોમા ઈજનેરી |
| ૩ | તોલાણી ફાઉંડેશન ગાંધીધામ પોલીટેકનીક, આદિપુર- કચ્છ | ડીપ્લોમા ઈજનેરી |
| ૪ | ધરમસિંહ દેસાઈ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નડિયાદ | ડીપ્લોમા ઈજનેરી |
| ૫ | શ્રી બી. એમ. શાહ કોલેજ ઓફ ફાર્મસી, મોડાસા | ડીપ્લોમા ફાર્મસી |
| ૬ | તોલાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, આદિપુર- કચ્છ | ડીપ્લોમા ફાર્મસી |
| ૭ | એ.આર. કોલેજ ઓફ ફાર્મસી અને જી.એચ.પટેલ ઇંસ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, વલ્લભ વિદ્યાનગર | ડીપ્લોમા ફાર્મસી |
| ૮ | દયારામ પટેલ ફાર્મસી કોલેજ, બારડોલી | ડીપ્લોમા ફાર્મસી |
| ૯ | એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ | ડીપ્લોમા ફાર્મસી |
| ૧૦ | શ્રી એમ એન કોલેજ ઓફ ફાર્મસી, ખંભાત | ડીપ્લોમા ફાર્મસી |
| ૧૧ | શાંતિલાલ શાહ ફાર્મસી કોલેજ, ભાવનગર | ડીપ્લોમા ફાર્મસી |